# સાંદીપનિ - વાલ્મીકી - વેદવ્યાસ - વાશિષ્ટ અત્રિ શાળા વિકાસ સંકુલ, મહેસાણા

તારીખ : ૧૨-૦૪-૨૦૨૩
વાર : બુધવાર

## વાર્ષિક પરીક્ષા - ૨૦૨૩

ધોરણ : ૧૧ વિષય : ગુજરાતી

કુલ ગુણ : ૮૦
સમય : ૩ કલાક

સૂચના : (1) બધા જ વિભાગ તથા પ્રશ્નો ફરજિયાત છે. (2) જમણી બાજુના આંકડા પ્રશ્નોના કુલ ગુણ દર્શાવે છે.
(3) પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચી નિયત સમયમાં પૂર્ણ કરો. (4) પ્રશ્નપત્રમાં ક્યાંય પણ જવાબ કે નિશાની કરવી નહીં.

### વિભાગ - A (પદ્ય આધારિત)

★ **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** 2

(1) મધ્યકાળના કયા કવિ એમના છપ્પાને કારણે જાણીતા છે ?
(A) પ્રેમાનંદ (B) અખો (C) ભાલણ (D) ભોજો

(2) વનમાં ચાંદલિયો ઉગ્યો કાવ્યનો સાહિત્ય પ્રકાર લખો.
(A) લોકગીત (B) નવલિકા (C) ખંડકાવ્ય (D) ગઝલ

★ **નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** 4

(3) કવિ કાગડા કોને કહે છે ?
(4) કવિએ શ્રીરામને કેવા કહ્યા છે ?
(5) વધસ્તંભ પર કોને જડી દેવામાં આવ્યા છે ?
(6) ફળીનાં ઝાંડવાને કેવી રીતે ઉછેર્યા છે ?

★ **નીચે આપેલા પ્રશ્નના ત્રણ - ચાર વાક્યમાં ઉત્તર આપો.( પ્રત્યેકના 2 ગુણ)** 6

(7) મૃત્યુની કેસ વિશે ગઝલકાર શું વિચારે છે ?
(8) ગમાણમાં ગાયો ક્યારે ખીલે બંધાઈ જાય છે ?
(9) પછીતે પડ્યા રહેનારને કવિ શું કહે છે ?

<u>અથવા</u>

(9) મુરલી ઠાકુર હાઈકુ દ્વારા શું કહેવા માંગે છે ?

★ **નીચે આપેલ પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.** 4

(10) ચક્રવાક-ચક્રવાકીના જીવન ઉપર રહેલો નિયતિનો પ્રભાવ વર્ણવો.

<u>અથવા</u>

(10) અશોકનું પાત્રાલેખન કરો.

### વિભાગ - B (ગદ્ય આધારિત)

★ **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** 2

(11) રેફરન્સ બુક લઘુકથાનાં કવિનું નામ જણાવો.
(A) રમેશ પારેખ (B) ઈજ્જતકુમાર ત્રિવેદી
(C) પ્રહલાદ પારેખ (D) જ્યોતીન્દ્ર દવે

(12) જીભ ગદ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.
(A) નિબંધ (B) લલિત નિબંધ (C) હાસ્ય નિબંધ (D) એકાંકી

★ **નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** 4

(13) ધૂળી તથા તેની દીકરી શું કામ કરતાં હતાં ?
(14) અધિકારને જીનને કેવું ગીત ગાવાનો હુકમ કર્યો ?
(15) સમીરે રમણિકલાલને શી સાંત્વના આપી ?
(16) સંસ્થામાં કયા કયા વિભાગો ચલાવવાના હોય છે ?

★ **નીચે આપેલા પ્રશ્નનો ત્રણ- ચાર વાક્યોમાં ઉત્તર લખો. (પ્રત્યેકના 2 ગુણ)** 6

(17) અમુ સૌને બદલાઈ ગયેલી ક્યારે લાગી ? શા માટે ?
(18) અમલી ડોસાએ લક્ષ્મીદાસને કઈ ભલામણ કરી હતી ? શા માટે ?
(19) જયશંકરની 'સુદરીની શોધ' ક્યારે પૂર્ણ થઈ ?

<u>અથવા</u>

(19) ઝીણા ભરવાડનો પરિચય આપો.

★ **નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (ગમે તે એક)**

(20) કે.કા.શાસ્ત્રીએ સંશોધન - સંપાદક તરીકે ગુજરાતી ભાષા - સાહિત્ય અને સંસ્કૃતિની બહુમૂલ્ય સેવા કરી છે. - આ વિધાનનું સમર્થન કરતી વિગતો આપો.

અથવા

(20) "બૂરાઈના દ્વારા પરથી" - લોકકથાના આધારે ઝમકુ અને જમનનું દામ્પત્યજીવન આલેખો.

## વિભાગ - C (વ્યાકરણ આધારિત)

★ **નીચેનાં વાક્યોમાં વિરામચિહ્નનોનો ઉપયોગ કરી વાક્ય ફરી લખો.** 2

(21) આહા આહા અવર દુનિયા ધન્ય એ બોલતામાં

(22) પણ ઘરાક આવે છે જ ક્યાં

★ **કૌંસમાં દર્શાવ્યા મુજબ વાક્ય રૂપાંતર કરો.** 2

(23) હું નમ્રપણે હસતો. (ભાવે વાક્ય બનાવો)

(24) પાણી તો હવે દીકરીનું મોઢું જોઈને જ પીવાશે. (કર્તરિ વાક્ય બનાવો)

★ **કૌંસમાં દર્શાવ્યા મુજબ વાક્ય પરિવર્તન કરો.** 2

(25) હું ભૂલી ગયો છું. (પ્રશ્નાર્થવાક્ય બનાવો)

(26) આ સ્ટેચ્યૂ રમવાની પણ એક મજા છે. (ઉદ્ગારવાક્ય બનાવો)

★ **નીચેના વાક્યમાં પ્રત્યયો ખોટા વપરાયા હોય તો સુધારીને લખો.** 1

(27) જીભ આનંદમાં નિર્ભયપણે પોતાને કામ કરી જાય છે.

★ **નીચે આપેલ રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.** 1

(28) મોઢાં ચડી જવાં

★ **નીચે 'અ' વિભાગમાં આપેલા શબ્દના સમાનાર્થી શબ્દો 'બ' વિભાગમાંથી શોધીને લખો.** 1

| વિભાગ - 'અ' | | વિભાગ - 'બ' |
|---|---|---|
| (29) મનવા | - | નસીબ, ભાગ્ય |
| (30) તકદીર | - | તાકાત, શક્તિ |
| | - | મનુષ્ય, મનુજ |

★ **નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.** 1

(31) નિર્ધન (32) ખાનગી

★ **નીચે આપેલા શબ્દો માટે યોગ્ય શબ્દસમૂહ લખો.** 1

(33) સીમ (34) પછીત

★ **નીચેના તળપદા શબ્દોના શિષ્ટરૂપ આપો.** 1

(35) સપાઈ (36) કને

★ **નીચેનાં વાક્યોમાંથી સંયોજક શોધીને લખો.** 1

(37) જ્યારે ગુસ્સો આવે ત્યારે મૌન રહેવું.

(38) બાની ઈચ્છા એવી હતી કે હું ખૂબ ભણીને મોટો માણસ થાઉં.

★ **નીચે આપેલ વાક્યોમાં કઈ વિભક્તિ વપરાઈ છે તે જણાવો.** 1

(39) અનિલ અગાશી ઉપરથી નીચે ઉતર્યો.

(40) હું મેટ્રિકની પરીક્ષા દેવા ગયો.

★ **નીચે આપેલ શબ્દોની જોડણી સુધારીને ફરી લખો.** 1

(41) શુશોભન (42) નીમણુક

★ નીચે આપેલા અનેકાર્થી શબ્દોનો અર્થભેદ લખો. 1

(43) મરીચિ - મરીચી (44) શિલા - શીલા

★ નીચે આપેલા શબ્દોના અર્થ આપો. 2

(45) નાસતો (46) અકસ્માત

## વિભાગ - D (અર્થગ્રહણ)

★ નીચે આપેલ કાવ્ય વાંચી તેની નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર લખો. 5

મારું ખોવાણું રે સપનું,
ક્યાંક જડે તો દઈ દેજો એ બીજાને ના ખપનું,
મારું ખોવાણું રે સપનું.

પૂર્વ કહે છે પશ્ચિમ તસ્કર, દક્ષિણ કે' છે ઉત્તર,
વગડા કે' છે ચોર આ વસતિ, પર્વત કે' છે સાગર,
ધરતીને પૂછું તો દે છે નામ ગગનમંડપનું,
મારું ખોવાણું રે સપનું.

વ્હારે ધાજો જડ ને ચેતન મારી પીડ પિછાની,
અણુ અણુ સાંભળજો મારા સમણાની એંધાણી,
તેજ તણા અંબાર ભર્યા છે, નામ નથી ઝાંખપનું,
મારું ખોવાણું રે સપનું.

ખોળે મસ્તક લૈ બેઠી'તી એક દી રજની કાળી,
જીવનની જંજાળો સઘળી સૂતી પાંપળ ઢાળી,
નીંદરના પગથારે કોઈ આવ્યું છાનુંછપનું,
મારું ખોવાણું રે સપનું.

- ગની દહીંવાલા

પ્રશ્નો :

(47) કવિનાં સપનાં કેવાં છે ?

(48) કવિનું શું ખોવાઈ ગયું છે ?

(49) કવિ કોને કોને પૂછે છે ?

(50) કવિને એમનું ખોવાયેલું સપનું ક્યાંથી જડી આવ્યું ?

(51) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

★ નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. 5

મારા અધ્યાપક મિત્રોને હું કહું છું કે હવે 'છાત્રદેવો ભવ' કહેવાના દિવસો આવ્યા છે. પોતાનો છાત્ર-વિદ્યાર્થી એ ઈશ્વર છે, એનું એક રૂપ છે. એને શીખવવું એટલે ઈશ્વરની સેવા કર્યા જવું એમ માનીને અધ્યાપનકાર્ય કરવું જોઈએ. હું જ્યારે લખું છું ત્યારે હું વિદ્યાર્થીઓ માટે જ લખું છું એમ જ મને લાગતું હોય છે અને તેથી જ લખતી વખતે હું ઈષ્ટદેવની પૂજા કરું છું એ ભાવ સાથે જ લખું છું. નિસર્ગ ચૈતન્યમય છે એ મારો અનુભવ મારા વિદ્યાર્થીઓમાં સંક્રાંત કરવો, એમના મનમાં પણ કુદરત વિશે ભક્તિભાવ ઉત્પન્ન થાય એ જ મારો પ્રયત્ન હોય છે.

- કાકાસાહેબ કાલેલકર

પ્રશ્નો :

(52) કાકા સાહેબ તેમના અધ્યાપક મિત્રોને વિદ્યાર્થી વિશે શું કહે છે ?

(53) કાકા સાહેબ અધ્યાપનકાર્ય વિશે શું માને છે ?

(54) આ કાવ્યમાં કોની પૂજા કરવાનું કહેવાયું છે ?

(55) કાકા સાહેબ કયા ભાવથી લખે છે ?

(56) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.